સેશન્સ કેસ નં. 51/18

આંક– 68

ફરીયાદ પક્ષના સાહેદ નં.  6 ની જુબાની
હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે :–

| | | | |
|---|---|---|---|
| મારુ નામ | ભગવાનભાઈ જીવરામભાઈ રાઠોડ | | |
| ધર્મ | હિન્દુ | મોબાઈલ નંબર | 9904344840 |
| ઉંમર આશરે | ૬૪ વર્ષ | ધંધો | નિવૃત્ત |
| રહેવાનુ | મોટા | જીલ્લો | બનાસકાંઠા |

**<u>સોગંદ આપ્યા</u>**

**<u>સરતપાસ ફરીયાદપક્ષે વિ.એ.જી.પી.શ્રી. એસ.કે.જોશી.</u>**

૧. હુ છ વર્ષ પહેલાથી મારી ફરજમાંથી વયનિવૃત્ત થયેલ છુ.

બનાવ સમયે હુ થરા પો.સ્ટેમાં પી.એસ.આઈ તરીકે મારી ફરજ પર હતો તે દરમ્યાન  ફરીયાદી કિર્તી ધારસિંહ ઠાકોર રહે. વજેગઢ (થરા)વાળાએ મારી સમક્ષ તા.૧૫.૧૨.૧૭ ના રોજ ક. ૨૦.૧૫ વાગે આવીને ફરીયાદ જાહેર કરેલ અને અમોએ ફરીયાદીના જણાવ્યા મુજબની ફરિયાદ લખેલી અને ગુનો રજી. કરેલ.

અમોએ આ ગુનાનુ સુચિપત્ર તૈયાર કરેલ અને સદર કામમાં નાયબ પો.અધિ.શ્રી દિયોદરનાને ભારે ગુનાનો રિપોર્ટ તૈયાર કરીને મોકલાવેલ. આગળની તપાસ અમોએ પો.સ.ઈ. એ.કે.ભરવાડ , થરા પો.સ્ટેને સોપેલી.

મને માર્ક ૮/૧ વાળુ સુચિપત્ર બતાવવામા આવે છે. જે મે તૈયાર કરેલ અને તેમા મારી સહી અને હોદ્દો છે તે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક.69 આપવામાં આવે છે.

મને માર્ક ૮/૪ વાળો ભારે ગુનાનો રિપોર્ટ બતાવવામા આવે છે જે રિપોર્ટ અમોએ નાયબ પો.અધિ. દિયોદરને સંબોધીને તૈયાર કરેલ હતો તેમા નીચે અમારી સહી અને હોદ્દો છે તે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક 70 આપવામાં આવે છે.

સાહેદની સહી ....................

મને ના.કોર્ટના રેકર્ડ માંથી અસલ ફરિયાદ બતાવવામા આવે છે. જે ફરિયાદમાં પો.સ.ઈ. ભરવાડ સાહેબની સહી છે તે ઓળખી બતાવુ છુ.

**આરોપી તરફે વિ.વ.શ્રી ડી.જે. તિવારી**

હુ થરા પો.સ્ટેમાં હેડ કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ બજાવતો હતો.

એ વાત ખરી છે કે ફરિયાદ નોંધવામા આવેલ તે દિવસે પી.એસ.આઈ સાહેબે મને તેંમનો ચાર્જ સોપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, તા.૧૪.૧૨.૨૦૧૭ ના રોજ હુ પી.એસ.ઓના ચાર્જમાં હતો. એ વાત ખરી છે કે કહેવાતા બનાવના દિવસે બનાવ સ્થળે કોઈ બનાવ બનેલ છે તેવી કોઈ વર્ધી અમારા પો.સ્ટે નોંધાવવામા આવેલ ન હતી. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ સંબંધેની ફરિયાદ તા.૧૫.૧૨.૧૭ ના ક. ૧૭.૦૦ એ શરુ કરી ૧૭.૩૦ વાગે નોંધવામા આવેલ હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ક.૨૦.૧૫ એ નોંધવામા આવેલ હતી. એ વાત ખરી છે કે ફરિયાદમા ફરિયાદ નોંધ્યાનો સમયે ૧૭.૦૦ થી ૧૭.૩૦ નો દર્શાવેલ છે. એ હુ કહી શકુ નહી કે, ફરિયાદ નોંધવામાં આવી તે સમયે ફરીયાદી પાલનપુર સીવીલ હોસ્પિ.મા સારવાર હેઠળ હતા. મને આ કામની ફરિયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ તેમા ફરીયાદ નોંધાવનાર પાલનપુર સીવીલ હોસ્પિ.મા સારવાર હેઠળ હોવાની હકીકત દર્શાવેલી છે.એ વાતની મને ખબર નથી કે ,ફરીયાદ નોંધવા માટે પાલનપુર સીવીલ હોસ્પિ.ના ડોક્ટરે કોઈ યાદી આપેલ કે કેમ. એ વાત ખરી છે કે પી.એસઆઈ સાહેબશ્રી પાલનપુર સીવીલ હોસ્પિમાં કોની સુચનાથી ફરિયાદ નોંધવા ગયેલ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે ફરિયાદી મારી રૂબરૂ કોઈ ફરિયાદ નોંધાવવા આવેલ નથી. એ વાત ખરી નથી કે મે ભારે ગુનાનો કોઈ રિપોર્ટ કરેલ ન હોવા છતા પાછળથી ભારે ગુનાના ખોટો રિપોર્ટ કરેલા ની હકીકત ઉભી કરેલ છે.એ વાત ખરીનથી કે મે ફરિયાદીની કોઈ ફરિયાદ નોંધેલ ન હોવાછતા ખોટી હકીકત જણાવુ છુ.

**ઉલટ તપાસ પુરી.**

**ફેર તપાસ નથી.**
તા. ૭ / ૦૭ / ૨૦૨૫

સાહેદની સહી .....................

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી**

**તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| <br><br><br>મુ. ડીસા<br>તા. ૦૭ /૦૭ /૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી .....................